સુખની છેવટની યાદી હજી
સુધી કોઇ માનવી તૈયાર કરી
શક્યો નથી
- સમયસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૨ | ૨૩ માર્ચ, ૨૦૧૫, સોમવાર ; ચૈત્ર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિધાનસભાનું સત્ર એક-બે દિવસ લંબાવાશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર એકથી બે દિવસ લંબાવવામાં આવે તેવી શક્યતાના સંકેતો રાજકીય વર્તુળોમાંથી સાંપડી રહ્યા છે. આ અંગે સોમવારે મળનારી કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં નિર્ણય લેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા ૬ જેટલા સરકારી વિધયેકો છેલ્લી ઘડીએ રજુ કરવામાં આવશે અનો તો પસાર આ અંદાજપત્ર સત્ર દરમ્યાન થાય તેવો આગ્રહ હોવાથી આ સત્ર લંબાવવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. વિપક્ષ પણ નિયમ-૧૦૧ હેઠળનો એકાદ પ્રસ્તાવ રજુ કરી સરકારનો ભીંસમાં લેવાની વ્યુહરચના કરી રહ્યાનું રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

વિધાનસભાના અંદાજપત્ર સત્ર પૂર્ણ થવા આડે હવે માત્ર એક જ સપ્તાહ બાકી રહ્યું છે ત્યારે રાજ્ય સરકાર અંતિમ દિવસોમાં મહત્વના ૬ જેટલા સરકારી વિધેયકો લાવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભાનું અંદાજપત્ર સત્ર ૩૧મી માર્ચના રોજ પૂર્ણ થઈ રહ્યું છે. ત્યારે આ સત્રમાં રાજ્ય સરકાર મહત્વના ૬ જેટલા સરકારી વિધેયકો રજુ કરનાર હોવાનું જાણવા મળે છે.

જેમાં કીડની યુનિવર્સિટી સહીતના ૬ જેટલા મહત્વના વિધેયકોનો સમાવેશ થાય છે.



પરંપરાગત રમતો - બાળપણની મજા પરંપરાગત રમતોમાં વધુ હતી... આજના કાર્ટુન ફિલ્મના અને વિડીયો ગેમના સમયમાં ભૂલાતી અને ભૂસાતી જતી પરંપરાગત રમતોના કારણે બાળપણ વિસરાતું જાય છે... સંઘભાવના અને ધ્યેયપૂર્તિ માટે ઘડાતો આત્મવિશ્વાસ જીવન ઘડતરનો પાયો રચતા હતા... જુની રમતોની વધુ વાતો છેલ્લા પાને....

# જિલ્લાના પ્રશ્નો અંગે આજે મુખ્યમંત્રી સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના મહત્વના પડતર પ્રશ્નો અંગે રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આજે સમીક્ષા કરનાર છે.



મુખ્યમંત્રીશ્રી દ્વારા જિલ્લાના પ્રશ્નો અંગે એક વર્ષના ગાળામાં જ બીજીવાર સમીક્ષા હાથ ધરવામાં આવી રહી છે.

જિલ્લાના મહત્વના પડતર પ્રશ્નો અંગે ગત સપ્તાહે જ પ્રભારી સચિવશ્રી ડાગુર દ્વારા અધિકારીઓ સાથે બેઠક યોજી અને સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગતિશીલ ગુજરાતના કાર્યક્રમમાં થયેલ પ્રગતિની સર્વગ્રાહી સમક્ષા ઉપરાંત જિલ્લામાં સ્વાઈન ફલુની સ્થિતિ, કમોસમી વરસાદથી થયેલ નુકશાન સહિતના મુદ્દાઓની સમીક્ષા મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવશે.

જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત ફાળવવામાં આવેલ લક્ષ્યાંકોમાં ઘણી સારી કામગીરી થવા પામી છે. આ બેઠકમાં વહીવટી તંત્રની ખાલી જગ્યાઓ જિલ્લામાં શિક્ષણની સ્થિતિ ખાસ કરીને સ્વચ્છતા મિશન અંતર્ગત થયેલ કામગીરી તેમજ કુપોષણ મુકિત અભિયાનની પણ સમીક્ષા કરવામાં આવશે.

નબળી તાલુકા પંચાયતો આર્થિક રીતે સક્ષમ બને તે વિશે પણ ચર્ચાઓ થાય તેમ મનાઈ રહ્યું છે. તંત્ર દ્વારા આ સમીક્ષા બેઠક અંગે તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# કમોસમી વરસાદથી પાકને ૨૫ ટકા નુકશાનનો અંદાજ

## જિલ્લાના ૪૦ ગામોના પાકને ઘેરી અસર : સર્વેની કામગીરી એકાદ-બે દિવસમાં સંપન્ન થશે : ઘઉં, બટાટા અને તમાકુના પાકને નુકશાનનો ભય

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ત્રણ તબક્કામાં થયેલા કમોસમી વરસાદને કારણે ૪૦ જેટલા ગામના ૯ હજાર પાંચસો હેક્ટર વિસ્તારમાં ઉભા પાકને નહિવત્ અસરો થવા પામી છે.

ખેતી વિભાગના અંદાજો પ્રમાણે ૨૫ ટકા વિસ્તારને અસર થઈ છે. ઘઉં, બટાટા અને તમાકુના પાકને આ અસરો જોવા મળી છે. ઘઉંના પાકમાં ૨૬ ટકા જેટલુ નુકશાન તો બટાટાના પાકને ૧૮ ટકા જેટલુ અને તમાકુના પાકને ૧૯ ટકા જેટલી અસરો થઈ હોવાના અંદાજો છે.

જિલ્લામાં કૃષિ વિભાગ દ્વારા સર્વેલન્સની કામગીરી હાલ ચાલુ છે અને તે મુજબનો વિગતવાર અહેવાલ એકાદ સપ્તાહમાં સરકારને મોકલી આપવામાં આવશે.

જિલ્લામાં રવિ સીઝન દરમ્યાન ત્રણેક તબક્કામાં કમોસમી વરસાદ થયો છે. જો કે ઘઉંના પાકની ગુણવત્તાને લઈ હજુ પણ ખેડૂતો ચિંતીત છે. ઘઉંમાં કાળી ડાઘી પડી જવા પામી હોવાનું ખેડૂતો માની રહ્યા છે.

જિલ્લામાં ત્રણ તબક્કામાં થયેલા કમોસમી વરસાદની અસરો ૪૦ જેટલા ગામોની ખેતી પર થવા પામી છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૧૯, કલોલના ૭, દહેગામના ૯ અને માણસાના પાંચ જેટલા ગામોનો સમાવેશ થાય છે.

રવિ સીઝનમાં ૩૯ હજારથી વધુ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ હતુ. સૌથી વધુ વાવેર ઘઉં, આ પછી બટાટા અને તમાકુના પાકને નુકશાન થવા પામ્યુ હોવાનું પ્રાથમિક રીતે મનાઈ રહ્યું છે.

કમોસમી વરસાદ વરસાદ વાવણીની પદ્ધતિ અને ઓછા બજાર ભાવે ખેડૂતોને આ વખતે વધુ ચિંતાતુર બનાવ્યા છે.

કમોસમી વરસાદ બહુ નોંધાયો નથી એટલુ જ નહિ આ વરસાદ પછી બીજે દિવસે જે રીતે તડકો નીકળ્યો છે તેને લીધે નુકશાન ઓછુ થવાની શકયતાઓ કૃષિ નિષ્ણાતો જણાવી રહ્યા છે. જો કે આ કરા પડવાને કારણે ઘઉંના પાકની ગુણવત્તાને અસર થવાનો ભય પણ નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.

કમોસમી વરસાદથી ખેડૂતોને નુકશાનો મુદ્દો વિધાનસભા ગૃહમાં પણ ગાજ્યો હતો અને સરકારે તાત્કાલિક સર્વે કરવા માટે વિભાગને જણાવ્યુ હતુ. સર્વેની કામગીરી એકાદ બે દિવસમાં પૂર્ણ થઈ જતાં તેનો વિગતવાર અહેવાલ સરકારને મોકલવામાં આવશે.

# ‘કલેક્ટર કો ગુસ્સા ક્યું આયા ?’

## પી.આઈ.યુ.ના બિલો અટકાવો : સિવિલ હોસ્પિટલનો કબ્જો સંભાળવાનું કામ હવે મારે કરવુ પડશે : સ્વચ્છતાના નામે ખુબ જ નબળી કામગીરી જોઈ કલેક્ટરનો ગુસ્સો સાતમે આસમાને

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સ્વચ્છતાને લઈ આજે ગુસ્સે થયેલા જિલ્લા સમાહર્તા શ્રી રવિશંકરે પી.આઈ.યુ.ના બિલો અટકાવી અને તેના અધિકારીઓને તેમની સાથે ચર્ચા કરવા માટે મોકલવાની કડક સૂચના સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. સૈયદને આપી છે.

મહિલા અને બાળવિકાસ વિભાગ અંતર્ગત આજે યોજાયેલ મેડિકલ કેમ્પના ઉદ્ઘાટન બાદ સિવિલ હોસ્પિટલના રાઉન્ડે નીકળેલા જિલ્લા સમાહર્તા શ્રી રવિશંકરે નવા સંકુલના ૮મા માળે આવેલ વોર્ડોની મુલાકાત લીધી હતી તેમજ સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગોની પણ મુલાકાત લીધી હતી.

ગાયનેક વિભાગની મુલાકાત દરમ્યાન તેમણે ટાઈલ્સો પર ચોંટેલા સિમેન્ટને જોઈ અત્યંત નારાજગી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત ભીંત પર વિવિધ સૂચનાઓ અને જાણકારી આપતા ચોંટાડેલા કાગળો જોઈ ત્યાં તાત્કાલિક ફ્રેમિંગ કરાવવા તેમણે સુપ્રિટેન્ડન્ટને જણાવ્યું હતું.

જિલ્લા સમાહર્તાએ દર્દીઓને મળી સવારે ચા-નાસ્તો નિયમિત મળે છે કે કેમ તેની પણ પૃચ્છા કરી હતી. તેમણે સિવિલ હોસ્પિટલમાં ઠેર ઠેર પડેલા મલ્બાઓને લઈ અત્યંત નારાજગીના સૂરોમાં કહ્યું હતું કે કબ્જો સિવિલ સત્તાવાળાઓએ લેવો નહિ પી.આઈ.યુ.ને કહો તેમને સોંપે, તેના બિલો અટકાવી દો, આટલી ગંદકી અહિ કેમ ચાલે ?

શ્રી રવિશંકરે તમામ તબીબી અધિકારીઓની જરૂરિયાતો અંગે એક રેકવીઝેશન એપ્લીકેશન બનાવી અને તેમને મોકલી આપવા માટે જણાવ્યુ હતુ. તેમણે કહ્યું કે પાટનગરની હોસ્પિટલ છે એટલે તે કેવી સ્વચ્છ હોવી જોઈએ.

તેમને આ રાઉન્ડ લીધો ત્યારે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલ, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય શ્રી અશોક પટેલ, ગુડાના ચેરમેન શ્રી આશિષ દવે, સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. સૈયદ, સિનીયર મેડીકલ ઓફિસર ડૉ. હસમુખ નાયક, ડૉ. કલ્પેશ શાહ,

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધ્યું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સહિત રાજ્યના જુદા જુદા ભાગોમાં હવે ગરમીનુ પ્રમાણ વધી રહ્યુ છે. જેના સંકેત પણ દેખાવવા લાગી ગયા છે. કારણ કે બપોરના ગાળામાં મોટા ભાગે ભરચક રહેતા વિસ્તારોમાં પણ સુમસામની સ્થિતી રહેવા લાગી ગઈ છે. આગામી દિવસોમાં પારો વધુ ઉપર જાય તેવી શક્યતા છે. મોટા ભાગના લોકો હવે ગરમીના કારણે બપોરે અને રાત્રે પણ પંખા અને એસીનો ઉપયોગ કરવા લાગી ગયા છે. જો કે સમગ્ર રાજ્યમાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતી જોવા મળી રહી છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન વધીને ૪૦.૨ ડિગ્રી રહ્યું હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૯.૮ રહ્યુ હતુ. ૪૦ ડિગ્રી સુધી તાપમાન પહોંચી જતા સામાન્ય લોકોને પણ એવું લાગી રહ્યું છે કે, ગરમીના પ્રમાણણાં વધારો થશે. આવતીકાલે પણ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. જો કે, આજે ઇડર, અમરેલી, સુરેન્દ્રનગર, ભુજ અને કંડલા એરપોર્ટ ખાતે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીથી પણ વધુ નોંધાયું હતું. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી.

Hydraid BioSand Water Filter

Safe Water For Million

શુદ્ધ જળ સ્વસ્થ તન નિર્મળ જીવન

Shuddh Jal




બેક્ટેરીયા, વાઈરસ, પેરેસાઈટસ જેવી અશુદ્ધિઓ પાણી માથી દુર કરે છે.

Hydraid® BioSand વોટર ફિલ્ટર ના ટેકનીકલ લક્ષણો

- ઈલેક્ટ્રી સીટી, બેટરી કે મુવેબલ પાર્ટસ વગર કાર્યરત.
- ઉંચાંઈ : ૩૦.૫" - પોહડાઈ : ૧૬.૫"
- વજન : ૩.૬ કે.જી. (ખાલી), ૬૩.૫૦ કે.જી. (ભરેલ)
- એફડીએ દ્વારા પ્રમાણિત યુ.વી. અવરોધક પ્લાસ્ટીક બોડી
- પ્રતિ કલાકે ૪૭ લીટર પાણી (સમયાંતરે) શુધ્ધ કરે.
- ઘર ઉપયોગી, "પોઈન્ટ - ઓફ - યુસ" (પી.ઓ.યુ.)
- તેનો વપરાશ ૧૦ વર્ષ થી પણ વધુ કરી શકો છો.
- ૮ થી ૧૦ વ્યક્તિના કુટુંબ માટે જરૂરિયાત પુરી કરનાર.
- એક વર્ષની મર્યાદીત વોરંટી, ટોપ રેન્કેડ ટેકનોલોજી
- કાર્યરત કરવાનો સમય : ૨૦ મીનીટ, પાવર સોર્સ : ગ્રેવીટી

સીલીકોન ખનિજતત્વોનો પાણીમાં ઉમેરો કરે.

સીલીકોનયુક્ત મીનરલ જળ ના ફાયદાઓ:

- વજન ઘટાડે છે.
- હાડકાની મજબુતાઈ વધારે છે.
- બ્લડપ્રેશરને ઘટાડે છે.
- એલડીએસ કોલેસ્ટ્રોલ ઘટાડે છે.
- પાચનશક્તિ સુધારે છે.
- સ્નાયુઓની કાર્યક્ષમતા જાળવી રાખે છે.
- કીડનીની પથરીની સંભાવના ઘટાડે છે.

૧૦૦ % કુદરતી શુધ્ધીકરણ પધ્ધતિ.

જરૂરી ખનિજતત્વોને જાળવી રાખે છે.




MADHAV MICROTECH PVT. LTD.
"Bringing Technology & People together"

TRIPLE QUEST
a partnership of cascade engineering and the windquest group

સંપર્ક : પ્રત્યક્ષ નિદર્શન / બુકીંગ / ડીલરશીપ માટે સંપર્ક

પ્લાન્ટ :- એ/૬૪, કલ્પવૃક્ષ ટ્રેનિંગ સેન્ટરના ખાંચામાં, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધી નગર- ૩૮૨૦૧૬ ગુજરાત (ઈન્ડિયા)
વિદેશી ઓફીસ / OVERSEAS OFFICE :- Ryan HI NU Tec Pvt LLC, 6040 Whethersfield LN , # 33E, Bloomfield Hills, MI 48301, USA
સેલ્સ પુછપરછ : ☎ +91 94260 60458 / 9426828782 • E-mail : md@madhavmicrotech.com • Website : www.madhavmicrotech.in

નાયબ મામલતદાર/ Dy.S.O. 733 જગ્યાઓ

100% ગેરંટીથી નોકરી મેળવો

પ્રિલિમ / મુખ્ય પરીક્ષામાં નાપાસ થવાથી ફી 100% પરતની લેખિત ખાતરી સાથે

TCCI શરૂ કરે છે (નાયબ/મામલતદાર Dy.S.O.)

બ્રિલિયન્ટ બેચ-2015

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 2.4.2015 ગુરૂવાર | બપોરના 3 થી 6 | સોમ થી શનિ |

ફી માત્ર ₹ 99,000/- 100% રીફન્ડેબલ

। પરીક્ષા સુધીનો કોર્ષ । નિયમિત ટોપિક્સના અંતે ટેસ્ટ
। 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ

ઈકોનોમિક બેચ-2015

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 02.04.2015 ગુરૂવાર | સવારના 7-00 થી 9-00 | સોમ થી શુક્ર |
| 10.04.2015 ગુરૂવાર | સાંજના 6-30 થી 8-30 | સોમ થી શુક્ર |
| 28.03.2015 શનિવાર | બપોરના 3-00 થી 7-00 | શનિ / રવિ |

ફી માત્ર ₹ 24,000/-

તલાટી

ગુજરાત સરકારમાં નોકરી મેળવો

ધોરણ-12 પાસ

2440+ જગ્યાઓ

✓ પરીક્ષા સુધીનો કોર્ષ
✓ નિયમિત ટોપિક્સના અંતે ટેસ્ટ
✓ 25000+ વધુ પ્રશ્નોનું સોલ્યુશન
✓ 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ

સંપૂર્ણ અધ્યતન સાહિત્ય FREE

(તલાટી) બ્રિલિયન્ટ બેચ-2015

નાપાસ થવાથી ફી 100% પરત

ફી ₹ 99,000/- 100% રીફન્ડેબલ

બેચ શરૂ તા. : 02-4-2015

ઈકોનોમિક બેચ શરૂ થવાની વિગત

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 02.04.2015 | સવારના 10 થી 12 | સોમ થી શુક્ર |
| 16.04.2015 | બપોરના 3-15 થી 5-15 | સોમ થી શુક્ર |
| 11.04.2015 | બપોરના 3-15 થી 6-15 | શનિ / રવિ |

ફી માત્ર ₹ 18,000/-

26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા
TCCI EDUCATION PVT. LTD.
MUKESH PATEL : 90990 76788
રૂબરૂ મળવાનો સમય : સવારના 10-30 થી 5
328/2, પ્રથમ માળ, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, ઘ-2 થી ચ-2ની વચ્ચે, સેક્ટર-7/A, ગાંધીનગર. M. : 9537614606 / 7

TET/TAT
બેચ શરૂ થવાની તા.: 5-4-2015
ભણવાનો સમય : બપોરના 3 થી 7
ભણવાના દિવસ : શનિ / રવિ
ફી માત્ર ₹ 18,000/-
પરીક્ષા સુધીનો કોર્ષ